# BUSINESS મિત્ર Plus

## જાન્યુઆરીમાં તેજીની દોડ ચાલુ રહેવાની આશા છે: ઘટાડાઓમાં ખરીદીની તક શોધો

ઈન્ડીસીસમાં ઉભરી રહેલા જુદા જુદા અભિપ્રાયો બજારને એ બાબતે અટકળો કરતું રાખે છે કે જાન્યુઆરી સિરીઝમાં બજારનો અભિગમ કેવો રહેશે? જો કે છેલ્લા બે મહિનામાં એક પોઝિટિવ સ્ટાર્ટ માટેનો તખતો સંપૂર્ણપણે ગોઠવાઈ ગયો છે. બજારમાં જોકે વોલેટીસિટી આપણને ઓછામાં ઓછા જોખમ સાથેની તકો શોધવા માટે પ્રેરે છે અને અમે અમારા વાંચકોને બજારમાં કામગીરી માટે સચોટ માર્ગદર્શન આપવા પ્રયાસો કરીએ છીએ.

ડિસેમ્બરમાં 2000 પોઈન્ટ કરતા વધુ પોઈન્ટની દોડ પછી હવે આપણે આ મહિનામાં કંઇક ઘટેલી ગતિ જોઈ શકીએ છીએ. અત્યારે જ્યારે વિશ્વની મોટાભાગની મધ્યસ્થ બેંકો દરો યથાવત રાખી રહી છે ત્યારે હવે દર કાપ ક્યારે આવે છે તે આપણે જોવાનું રહે છે. ફોરકાસ્ટરો મંદીની આગાહી કરવાથી ઘણા દૂર રહ્યા છે તેથી આપણે વિચારી શકીએ છીએ કે ઉભરતા બજારો માટે ખરાબ સમય પુરો થઈ ગયો છે.

**ચાર્ટ એડવાઈઝ**
**■ રાજા વેંકટરામન**

ગયા સપ્તાહે શરૂમાં બજારે બહુ સારો દેખાવ કર્યો નહીં જ્યારે ડેઇલી ટાઇમફ્રેમ્સ પર કેટલાક અવરોધો ઉભા થયા જેમણે આગેકૂચ અટકાવી. જ્યારે બજારની ઓવરઓલ લાગણી બુલીશ છે ત્યારે આપણે બાય સાઇડ પર રહેવાની જરૂર છે, અલબત્ત, પુલબેક્સમાં, કારણ કે છેલ્લા કેટલાક સપ્તાહની ઉત્સાહભરી દોડ પછી નિફ્ટી કેટલાક થાકના સંકેતો બતાવી રહ્યો છે.

અમને જણાયું છે કે ટાન્કેન સેન, કે જેણે આપણને ઘટાડે ખરીદીની તક આપી હતી અને 300 પોઇન્ટની રેલી સર્જી હતી તે હવે ભયમાં છે. ટ્રેન્ડ્સે હવે થાકની નિશાનીઓ બતાવવાનું ચાલુ રાખ્યું છે જે સંકેત આપે છે કે ગયા આખા સપ્તાહમાં જે થયો તેવો વધારો જાળવી રાખવું તેને માટે મુશ્કેલ રહી શકે છે. જો સોમવારે શરૂઆતન 30 મીનિટના સોદાઓમાં ટ્રેન્ડ્સ ૨૧૫૦૦ પર જળવાઇ રહેવામાં નિષ્ફળ જાય તો આપણે શોર્ટ કરવાની તક જોઇ શકીએ છીએ. આ લેવલો પર આવર્લી ચાર્ટ્સ પર પોઝિટિવ સંકેતોનો ઉપયોગ કેટલીક ખરીદી કરવા માટે કરી શકાય છે.




### ટાઇટન: સીએમપી ૩૭૨૭




બે મહિના સુધી તીવ્ર દોડ પછી આ શેરમાં કિંમતો જાન્યુઆરીમાં ઠંડી પડી છે અને શુક્રવારે ટાન્કેન સેન લાઇન પર પુલ બેક થઇ છે. ત્યાંથી રિબાઉન્ડ સંકેત આપે છે કે લોઅર લેવલો પર ખરીદી નીકળી રહી છે. આ શેરમાં ખરીદીની તક છે અને આમાં રૂ. ૩૭૮૦ સુધીના વધારા માટે રૂ. ૩૬૬૦ની નીચે સ્ટોપ રાખીને ૩૭૩૦ની ઉપર અને ૩૬૯૦ સુધીના ઘટાડે ખરીદી કરવાનું વિચારી શકાય છે.

### ઝોમાટો: સીએમપી ૧૩૩.૩૦




આ શેરે તમામ વિપરીત સ્થિતિઓને વળોટીને છેલ્લા કેટલાક મહિનામાં દરેક ઘટાડે રિવાઇવ થયો છે. કોન્સોલીડેશનના ટૂંકા તબક્કા પછી શુક્રવારે આમાં એક શાર્પ બ્રેકઆઉટ આપણે જોયો અને તે બુલીશ મોમેન્ટમ શરૂ થવાનો સંકેત આપે છે. વોલ્યુમ્સ પણ મજબૂત છે જે સંકેત આપે છે કે આગામી દિવસોમાં આ ટ્રેન્ડ પ્રવર્તતો રહેશે. આમાં રૂ. ૧૪૫ સુધીની દોડ માટે રૂ. ૧૨૭ નીચે સ્ટોપ રાખીને રૂ. ૧૩૪ ઉપર અને રૂ. ૧૩૦ નજીકના ઘટાડે ખરીદી શકાય.

**(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)**

**ડિસ્ક્લેમર:** આ ફક્ત 'ગુજરાતમિત્ર'ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજાગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

**શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩ના સરનામા પર અથવા ઈ-મેઈલ કરો અમને chartadvise@gujaratmitra.in પર**

## હવે સામાજિક બદલાવનો આધાર વ્યવસ્થાક્રમ હોઈ શકે

ગુજરાતના ૩૨ લાખ દ્વિચકી વાહનચાલકોના માથા ઉપર હેલમેટ સવાર થઈ છે. વાહનવ્યવહાર કમિશન કચેરીના સંદેશા મળતા જ બાર ઍસોસિએશને એ લોકોની આંગળી ઝાલી. છાપાંઓએ રેલવે અને બસસ્ટૅન્ડ પાસેના વિશાળ પાર્કિંગના ફોટાઓ છાપ્યા, વ્યંગ ચિત્રકારોએ સ્ત્રીની કાંખમાં હસબન્ડ, હેલમેટ અને પોતાના બાળકને રસ્તે રમતું દર્શાવ્યું. વિપેક્ષોએ રાજકીય દેખાવો યોજવા મજબૂત ધમકી આપી કેશકલાના ચાહકો એ તો હેલમેટને સ્ત્રીસૌંદર્ય ઉપરના હુમલા તરીકે જાણ્યું અને ખેડૂતો તથા સરદારજીએ તો પોતાની પાઘડીનું ધર્મ અને પ્રતિષ્ઠા રહેલી હોય તે ઊતરશે નહીં તેમ જણાવી દીધું.

રસ્તા ઉપરના અકસ્માતોમાં દર ૧૦૦ અકસ્માતે ૬૨ અકસ્માતોમાં ટુ વ્હિલરનો ખુરદો બોલી જાય છે. રાજ્યના કુલ રસ્તા અકસ્માતો ૯૩ ટકા અકસ્માતોમાં હેલમેટનો અભાવ કારણભૂત હોય છે. તે જાણવા છતાં પ્રત્યેક ચાલકે પોતાને સલામત જાણી ભાગ્યના ભરોસે જીવવાનું પસંદ કર્યુ છે, જે આશ્ચર્યકારક બને છે.

દરમિયાન રાજ્યના એક મંત્રી સામે લાંચના આક્ષેપો થયા, ટ્રાફિક પોલિસે ખાનગીમાં વધારાની મેમોબુક છપાવ્યાની ફરિયાદ થઈ. મંદિરો અને જાહેર સ્થળોએ બૂટ-ચંપલ ચોરતી મંડળીઓ માટે હેલમેટની નાયલૉન સ્ટ્રીપ કાપી શકાય તેવી ખિસ્સા ચપ્પુ બજારમાં આવી ગઈ તો મોંઘવારીમાં વધારાનો અસ્થાય ખર્ચ ન વેઠવા માંગતી ગૃહિણીઓએ મૂળ જમીન શબ્દ હેમ (કવચ) હેલમેટ (શિરછત્ર)ના ડિક્ષનરી અર્થઘટન મુજબ પોતાના પતિ માટે માથું ઢાંકવા અવેજીમાં ચાલી શકે તેમ પાણીના માટલાનું બજારું અને દાળ-શાકનું સ્ટીલ બાઉલ પૅર કર્યુ, પરંતુ છેવટે સમગ્ર વાતને કોર્ટના ચકડોળે ચઢાવી દેવામાં આવી એટલે સહુએ નિરાંત અનુભવી. કોઈએ મજાકમાં કહ્યું પણ, 'યાર, આવું તો ક્યાંય જોયું છે?''

આઝાદી પછીનાં ૫૦ વર્ષ દરમિયાન આપણા દેશમાં હેલમેટ જેવી અનેક અપરિપક્વ ક્વાયતો યોજાઈ હશે. ફારસ જેવા ટૂંકાગાળાના કાર્યક્રમોથી આમ પ્રજાના કામકાજમાં ફરક પડતો નથી. પરંતુ જનમાનસનાં મૂલ્યો ઉપર તેની વળતી અસર ઊપસ્યા વિના રહેતી નથી. પરિણામે બદલાયેલા સામાજિક પરિમાણોમાં કાયદાનો વિરોધ કરનાર અને ઘડાયેલા નિયમોને ઘોળીને પી જનાર સમુદાયોની જયજયકાર થવા લાગે છે.

'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' કહેનાર ભારતીય સંસ્કૃતિમાં બેવડા જીવનને નૈતિક ટેકો આપવાાં આવ્યો છે. પરંતુ આઝાદ પછી તો સામુદાયિક જીવનમાં માત્ર સગવડતા તરફનો ઝુકાવ રહ્યો હોય, આજે પ્રજા કલ્યાણનાં કામોને માનવીય ભાવનાથી કે સામુયિક ઈચ્છાશક્તિના બળે સાકાર કરવાનું દુર્ગમ બનતું જાય છે. પરિણામે રાજ્યશાસકો લોકોના કલ્યાણની વાત મુક્ત વિચારના ટેકે મૂકી શક્તા નથી. તેમ પ્રજા પણ પોતાના નિજી સ્વાર્થની ઉપર ઊઠી કશુંક છોડવા તત્પરતા દાખવતી નથી અને જ્યારે બહોળા સમુદાયમાં ટૂંકા સ્વાર્થનો વિજય થાય છે. ત્યારે રાજ્ય અને પ્રશાસનની શિથિલતા ખુલ્લી પડી જાય છે. આવા સમયે રાજ્યની સ્થાયી વ્યવસ્થા ટકાવી રાખવાનું કામ પણ પરિશ્રમ ભરેલું બની જાય છે-ખુલ્લું પડી જાય છે. આવા સમયે રાજ્યની સ્થાયી વ્યવસ્થા ટકાવી રાખવાનું કામ પણ પરિશ્રમ ભરેલું બની જાય છે. જેનું દર્શન હેલમેટ કાંડાં થયું.



> **'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' કહેનાર ભારતીય સંસ્કૃતિમાં બેવડા જીવનને નૈતિક ટેકો આપવાાં આવ્યો છે. પરંતુ આઝાદી પછી તો સામુદાયિક જીવનમાં માત્ર સગવડતા તરફનો ઝુકાવ રહ્યો હોય, આજે પ્રજા કલ્યાણનાં કામોને માનવીય ભાવનાથી કે સામુયિક ઈચ્છાશક્તિના બળે સાકાર કરવાનું દુર્ગમ બનતું જાય છે**

આ માહોલમાં હવે વિકાસ ટકાવી રાખવા માટે વ્યવસ્થા આધારિત વિકાસનો અભિગમ અપનાવવનો ઉપાય બચે છે. ગ્રેહામ બેલે ટેલિફોનની શોધ કરી. તે પછી લગભગ ૧૪ વર્ષ સુધી સંદેશાની આપલે વચ્ચે કોઈ એક માણસની મનસૂફી હિસ્સેદાર બની રહી પરંતુ ઑટોરિલે પદ્ધતિ અખત્યાર થતાં કાર્યલક્ષી અનિશ્ચિતતાનું તત્ત્વ નિવારી શકાયું. પછી યુરોપ અને અમેકિાના તકનિકી વિકાસ માટે 'કાયમી નિશ્ચિતતા'ના અભિગમે બળ પૂરું પાડ્યું છે. પરિણામે કન્વેયર બૅલ્ટથી માંડી વિમાનના ઉડ્ડયનમાં નિશ્ચતતા અને વિશ્વાસ ઉમેરી શકાયાં છે. સામાજિક વ્યવસ્થાઓની જાળવણી માટે તેને વિકાસલક્ષી સાધનો સાથે જોડવા અંગે કેટલાક સફળ પ્રયોગો ઉદાહરણરૂપ બને છે. જેમ કે રેલ્વેના પ્લેટફોર્મ ઉપર મૂકેલ બાંકડાઓનો ઉપયોગ મુસાફરો સૂવા માટે ન કરે તે માટે બાંકડા પર ત્રણ ઈંચ જાડા લાકડાના લોગ મૂકવામાં આવે છે. તે પ્રકારે રસ્તા ઉપર જાહેર યુરિનલની બહાર તરફની દીવાલોને જમીનથી દોઢ ફૂટ ઊંચી રાખતા યુરિનલનો દુરુપયોગ થતો અટકે છે. મંદિરોમાં સ્વચ્છતાનાં બોર્ડ લગાડવા કરતાં મંદિરનાં પ્રવેશદ્વાર પાસે વહેતા પાણીની છીછરી કૂંડી બનાવતાં હરિભકતોના ચરણ સાફ થઈને જ બહાર ડગ માંડે છે અને મંદિર ધૂળ-કચરાથી મુકત રહે છે.

હેલમેટની હાંસી એ પ્રતિકાત્મક ઘટના છે, પરંતુ પ્રજાના અસ્વીકારની મનોભૂમિકા ઉકેલતાં જોઈ શકાય છે કે હવે વ્યક્તિકેન્દ્રિ વ્યવસ્થાનો યુગ આથમી ગયો છે. આજનો એકાંગી માનવ બીજી વ્યક્તિ ઉપર આધાર રાખવાને બદલે સાધન કે વ્યવસ્થા ઉપર ભરોસો રાખવાનું વધુ પસંદ કરે છે. આથી જ નાટકો કરતાં તથા ટી.વી.ના પડદે ચલચિત્રો જોવાનું પ્રચલિત બન્યું છે. તેમ સંગીતના જલસા કરતાં કૅસેટ કે સી.ડી. વધુ સ્વીકાર્ય બની રહી છે.

અમરેલી જેવા સૌરાષ્ટ્રના અર્ધશહેરી સમુદાયમાં વૉશિંગ મશીનની સૌથી ઊંચી ખપત છે, પરંતુ મશીનનો ઉપયોગ કપડાં ધોવામાં નહીં, પણ છાશ વલોવવામાં વિશેષ થાય છે. અલંગશિપ બ્રેકિંગ યાર્ડ આસપાસનાં ગામડાંઓમાં પશુને ખાણ-દાણ આપવા માટે ખેડૂતો વિદેશી બાથ-ટબ વાપરે છે. ખેડૂતોનું કહેવું છે કે બાથટબમાં પશુ આહાર રાખતાં બગાડ નિવારી શકાય છે. ટબ સરળતાથી સ્વચ્છ રહે છે.

ગૃહિણીઓના ઉપયોગની ઘરઘંટીથી લઈ ડ્રિપ ઈરિગેશન કે પછી વધુ ખર્ચ ભોગવીને પણ કંપની- પૅકમાં વસ્તુ ખરીદવાનું પસંદ કરતા ગ્રાહકોની મનોભૂમિકામાં નિશ્ચત પરિણામોની પદ્ધતિ પ્રત્યેનો વિશ્વાસ ડોકાય છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી સમગ્ર વિશ્વ પશ્ચિમ ઉપલબ્ધિઓ તરફ દોરાયું, પરંતુ પશ્ચિમી દેશોએ તો સાધન આધારિત વ્યવસ્થાને વ્યૂહરચના તરીકે સ્વીકારી, સ્થિર વિકાસ પરત્વેની આ વૈચારિક ભૂમિકા પશ્ચિમી દેશોનું અનુકરણ કરનારાઓથી ઝિલાઈ નથી. દૈવ અને રાજાશાહીમાં ઊછરેલા આપણા સંસ્કાર જીવનમાં વ્યક્તિલક્ષીયતા નસેનસમાં વહેતી હોઈ સામાજિક જીવનમાં સમરૂપતા લાવવા માટે સાધન આધારિત વ્યવસ્થા હોઈ શકે તેવો વિચાર હજુ સ્વીકાર્ય બનતો નથી, પરંતુ સમયનો તકાદો આપણને નવી સામાજિક રચના તરફ જેવા મજબૂર કરી રહ્યો છે ત્યારે કહી શકીશું કે હેલ્મેટ નિયમનનું હાર્દ જાતસંરક્ષણ જ હોય તો તે માટેનો ઉકેલ માથું સંતાડવામાં નથી.

**- ડો. નાનક ભટ્ટ**

## લીપ યરથી રોકાણકારોમાં ભયનો માહોલ!

ભારતીય શેરબજાર માટે 2023નું વર્ષ ખૂબ જ સારૂં રહ્યું છે, જેમાં રોકાણકારોએ બજારમાંથી ખૂબજ સુંદર વળતર મળ્યું છે. જોકે, 2024ના વર્ષને લઇને રોકાણકારોમાં ઘણી આશંકાઓ છે, માનવામાં આવી રહ્યું છે કે, 2024ના વર્ષમાં ઘરેલું અને વૈશ્વિક સ્તરે એવી ઘટનાઓ થનારી છે, કે જેની બજારમાં સીધી અસર થતી જોવા મળશે. બજાર લીપ યરમાં ફોબિલાગ્રસ્ત હોય છે. એક ટ્રેન્ડ દર્શાવે છે કે, લીપ યરમાં બજાર ક્રેશ થતું હોય છે. લીપ યર એટલે કે ફેબ્રુઆરી મહિનામાં એક દિવસ વધુ હોય છે. દર ચાર વર્ષે લીપ યર આવતું હોય છે અને આ વર્ષમાં 365 દિવસના બદલે 366 દિવસ હોય છે. વર્ષ 1992, 2000, 2008 અને કોવિડનો સમય 2020 લીપ યરમાં થયો હતો. 1984 પછી બજારના પ્રદર્શનનું વિશ્લેષણ કરવામાં આવે તો ખબર પડી કે, છેલ્લા 10 લીપ યરમાં વાર્ષિક રિટર્ન 8 ટકાથી ઓછું રહ્યું છે, જેની સામે અન્ય વર્ષમાં 23 ટકા વળતર મળ્યું છે. જેની અસર 2024ના પ્રથમ દિવસે જ જોવા મળી હતી અને બજારમાં મોટું કરેક્શન જોવા મળ્યું હતું, પરંતુ તે પછીથી સુધરી ગયું છે.



વર્ષ 2024ની શરૂઆત બજારમાં ઘટાડા સાથે થઇ છે અને 1 જાન્યુઆરીથી 3 જાન્યુઆરી સુધી બજારમાં ઘટાડો રહ્યો હતો, જ્યારે 4થી જાન્યુઆરીએ જોરદાર પ્રત્યાઘાતી ઉછાળો આવ્યો હતો, પરંતુ 5મી જાન્યુઆરીએ ફરીથી બજારમાં નિરાશા જોવા મળી હતી.

મહત્વની વાત એ છે કે, 2024ના વર્ષમાં કઇક નવાજુની થવાની છે તેવી રોકાણકારોને અગાઉથી જ આશંકા ઉભી થતી જોવા મળી રહી છે અને તેના લીધે બજારમાં કરેક્શન શરૂ થતાની સાથે જ જોરદાર વેચવાલી નીકળી જતી જોવા મળી રહી છે અને સળસળાટ તૂટતા જોવા મળે છે. જોકે, સંસ્થાકીય કે ઘરેલું રોકાણકારોની નીચલા સ્તરેથી નવી લેવાલી નીકળી જાય છે અને બજાર પોઝિટિવ થઇ રહ્યું છે.

આ તમામ તોફાની વધઘટ વચ્ચે પણ ભારતીય શેરબજાર ઐતિહાસિક સપાટીએ ચાલી રહ્યા છે, આમ છતાં રોકાણકારોને જે તેજીનો 2023માં વિશ્વાસ હતો અને જે રીતે રોકાણ કરતા

**માર્કેટ વોચ**

જોવા મળ્યા હતા, તે 2024ની શરૂઆતમાં શેરબજાર નવી ઉંચાઇએ હોવા છતાં સાવચેત જોવા મળી રહ્યા છે અને તેના લીધે બજારમાં મોટું કરેક્શન આવે તેવું દેખાઇ રહ્યું છે.

સપ્તાહના અંતિમ દિવસ શુક્રવારની વાત કરીએ તો ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે એક ટકરાવની ઘટનાના અહેવાલ આવતાની સાથે જ બજારમાં જોરદાર કરેક્શન આવી ગયું હતું, જે થોડાક જ સમયમાં લેવાલીએ પોઝિટિવ થઇ ગયું હતું, પરંતુ રોકાણકારોમાં એક ફફડાટ સતત દેખાતો જોવા મળી રહ્યો છે. રોકાણકારો સાવચેત જોવા મળી રહ્યા છે.

> **લીપ યરમાં શેરબજાર ક્રેશ થાય છે, છેલ્લા 10 લીપ યરમાં વાર્ષિક રિટર્ન 8 ટકાથી ઓછું રહ્યું**

આ ઉપરાંત, બજારમાં પડકારોની વચ્ચે ઐતિહાસિક સપાટીએ છે. આ વર્ષમાં વ્યાજદરોમાં ઘટાડો અને લોકશભાની ચૂંટણીની અસર પણ જોવા મળશે અને ત્યાં સુધી બજારમાં તોફાની વધઘટ જોવા મળશે. કેટલાક ઇન્સ્ટીટ્યુશન 2024માં નિફ્ટીમાં એક ટકાની નજીવા સુધારાની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, હાલમાં નિફ્ટી 21600 પોઇન્ટ પર છે અને જો સકારાત્મક વલણ ચાલુ રહેશે તો બજાર 24000 પોઇન્ટની સપાટીએ પહોંચી જશે. જે ડિસેમ્બર 2025 સુધીમાં 25000 પોઇન્ટ સુધી પહોંચી શકે છે. જોકે, કેટલાક બ્રોકરેજ હાઉસીસ નિફ્ટીનું 23000 પોઇન્ટનું લક્ષ્યાંક આપી રહ્યા છે.

બીજી તરફ, કેટલાક નિષ્ણાંતો એવું પણ કહી રહ્યા છે કે, 2024માં નિફ્ટી 24000ને પાર કરી દેશે, જેમાં બજેટ, ભારત અને અમેરિકાની ચૂંટણી, વ્યાજદરમાં ઘટાડા તથા ભૂરાજકીય સ્થિતિના પરિણામો સહિત અનેક ઘટનાઓ પોઝિટિવ રૂખ લેશે અને રોકાણકારોની સતત ખરીદી બજારને વધુ મજબૂત કરશે.

**લીપ યરના ઘટનાક્રમ**

**1992:** હર્ષદ મહેનાતા ઘોટાળાના કારણે 29 એપ્રિલ, 1992માં સેન્સેક્સ 12.77 ટકાનો ભારે કડાકો થયો તો. જે ભારતીય શેરબજારના ઇતિહાસમાં સૌથી મોટા કડાકા પૈકીનો એક હતો. જ્યારે કેલેન્ડર વર્ષમાં ઉચ્ચતમ સ્તરથી 42 ટકા નીચે હોવા છતાં સેન્સેક્સ વાર્ષિક 37 ટકા રિટર્ન સાથે સમાપ્ત રહેવામાં સફળ થયું હતું.

**2000:** આ વર્ષે અમેરિકામાં ડોટકોમનો પરપોટો ફુટવાના કારણે ભારત સહિત વૈશ્વિક બજારોને 21 ટકા નુકશાન થયું હતું.

**2008:** વૈશ્વિક નાણાંકીય કટોકટી વચ્ચે સેન્સેક્સે અડધાથી વધુ મુલ્ય ગુમાવ્યું હતું અને દલાલસ્ટ્રીટમાં વધુ એક મોટી ઉથલપાથલ જોવા મળી હતી.

**2016:** રોકાણકારોને અસ્થિર પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. જેમાં નોટબંધી, સર્જિકલ સ્ટ્રાઇક્સ અને અમેરિકાની ચૂંટણી જેવી મહત્વપુર્ણ ઘટનાઓ જોવા મળી હતી. સમગ્ર વર્ષ દરમ્યાન શેરબજારમાં ઉથલપાથલ રહી હતી.

**2020:** કોવિડ ચેપના કારણે વિશ્વભરના બજારો તૂટી પડ્યા હતા. વર્ષના અંત સુધીમાં ઇન્ડેક્સ 16 ટકા ઉછળીને બંધ રહ્યો હતો. જ્યારે મધ્યસ્થ બેન્કોએ બજારમાં નાણાં ઠાલવવાના કારણે મોટો ઘટાડો થયો ન હતો. આમ છતાં 23 માર્ચ, 2020 એ ઐતિહાસિક દિવસ હતો, જ્યારે સેન્સેક્સ લોઅર સર્કિટ બાઉન્ટ્રીડ પર પહોંચ્યો હતો અને એક જ દિવસમાં 12.71 ટકા તૂટયો હતો.